# ‘મીશન હોપ’

## –સંજય થોરાત

‘કાલે આવવું છે? ‘મીશન હોપ’ વૃદ્ધાશ્રમની મુલાકાતે?’ ઓગસ્ટના પ્રથમ શનીવારે બપોરે જ પીન્ટુનો ફોન આવ્યો.

‘પણ કાલે તો ‘ફ્રેન્ડશીપ ડે’ છે! તારા કોઈ પ્લાન નથી? તારે તો કેટલા બધા મીત્રો છે!’ દીપે કહ્યું.

‘હા છે ને, મીત્રો પણ છે અને પ્લાન પણ છે. આપણે તો સવારે જવાનું છે અને સાંજે મીત્રો સાથે..!’

‘સારું’

દીપ પણ જવા તૈયાર જ હતો. આમ પણ, ઘણા દીવસથી **‘વૃદ્ધાશ્રમ’** જોવાની ઈચ્છા હતી જ અને આ તો ‘ફ્રેન્ડશીપ ડે’ના દીવસે જ જવાનો મોકો મળતો’તો. જવું જ જોઈએ. એણે મનોમન નક્કી કર્યું.

રવીવાર છતાં સવારે વહેલો ઉઠી, તૈયાર થઈને એ પીન્ટુના ઘરે પહોંચી ગયો. પીન્ટુ અને દીપ બાઈક પર સવાર થઈને નીકળી પડ્યા. રસ્તામાં પીન્ટુએ મીઠાઈની દુકાને બાઈક રોકી. તેણે ચેવડો, વેફર, ચોકલેટ, મીઠાઈ, બીસ્કીટ, જ્યુસ વગેરે સામાન પૅક કરાવ્યો.

‘મારે કેટલા આપવાના છે?’ દીપે વીવેક દાખવ્યો. એણે માત્ર ‘આ થેલી ઉપાડી લે,’ કહીને બાઈક ઉપાડી. થોડી વારમાં તેઓ વૃદ્ધાશ્રમ પહોંચી ગયા. અંદર પહોંચતાં જ બધા વડીલો પીન્ટુને જોઈને ખુશ થઈ ગયા.

‘હાય હીરો!... આવ બેટા... ઓય હેન્ડસમ...’ એવી બુમો શરુ થઈ ગઈ. બધા જ વડીલો એમની ઉમ્મર ભુલીને પીન્ટુને બોલાવતા હતા અને પીન્ટુ પણ હસતાં હસતાં,

શૅક હેન્ડ કરતાં કરતાં બધાને જવાબ આપતો હતો. પોતાના હાથમાં રહેલા થેલામાંનો બધો સામાન એણે ઓફીસમાં જમા કરાવી દીધો અને માત્ર મીઠાઈનું એક બૉક્સ લઈને તે ખુણામાં આવેલા રુમમાં પ્રવેશ્યો. એ રુમમાં વ્હીલ ચેર પર એક વૃદ્ધાં બેઠાં હતાં. ઉમ્મર હશે પંચોતેરેકની; પણ ચહેરા પર વીદ્વત્તાનું તેજ ચમકતું હતું. આંખોમાં અલગ જ ચમક હતી!

‘ઓ ડોશીમા, કેમ છો?’ પીન્ટુએ એમને જોતાં જ ખુશીથી બુમ પાડી.

‘નાલાયક, ક્યાં હતો અત્યાર સુધી? તારી ગર્લફ્રેન્ડને ભુલી ગયો કે શું?’ ડોશીમાએ રણકતા અવાજે જવાબ આપ્યો અને હાથ ફેલાવ્યા. પીન્ટુ પણ હસતાં હસતાં એમને ભેટી પડ્યો.

પીન્ટુએ ત્યાં રહીને જ એના મીત્ર દીપની ઓળખાણ આપી. ડોશીમાએ એને હાથ જોડ્યા. દીપ નીચે નમીને પગે લાગવા ગયો અને એમણે ના–ના કરતાં વ્હીલચેર પાછી ખેંચી લીધી.

‘*આ મારી ગર્લ–ફ્રેન્ડ છે. થોડી ઉમ્મરલાયક છે; પણ છે બહુ તોફાની. અમે એકબીજાની કાયમ મશ્કરી જ કરીએ છીએ. આ મરી જશે પછી એની બધી પ્રોપર્ટી મારા નામે થવાની છે; એટલે હું એને સહન કરી લઉં છું,*’ એમ કહેતાં પીન્ટુ ખડખડાટ હસી પડ્યો.

‘*કશું મળવાનું નથી તને. મારા મરવાની રાહ જોઈને બેઠો છે, નાલાયક! એને ખબર છે કે મને ડાયાબીટીઝ છે; તો પણ મીઠાઈ લઈને આવે છે અને બળજબરીથી મને ખવડાવે છે. મારી પ્રોપર્ટી તારા નામે નહીં; તારા પૌત્રને નામે કરવાની છું.*’ ડોશીમાએ પણ એટલો જ કડક જવાબ હસીને આપ્યો.

દીપનો આશ્ચર્યચકીત થયેલો ચહેરો જોઈને બન્ને હસી પડ્યાં. પછી એ ડોશીમા બોલવા લાગ્યાં :

'મારું નામ માલતી. વ્યવસાયે હું શીક્ષક હતી. વીદ્યાર્થીઓને સારા નાગરીક બનાવવાની મારી જવાબદારી. સરકારી શાળામાંથી આચાર્ય તરીકે નીવૃત્ત થઈ. ઘરમાં મારા પતી અને હું બે જણાં. દીકરો ભણવામાં હોશીયાર એટલે અમેરીકા ગયો. અમેરીકાવાળાને એ એટલો ગમી ગયો કે એને રીટર્ન ટીકીટ આપવાની ના પાડે છે. એ અને એનો પરીવાર ત્યાં એકદમ સુખી છે. દીકરીનાં લગ્ન કર્યાં. એને પણ સારું ઘર મળ્યું. પચીસ વરસ સંસાર માણ્યો; પણ એની લાઈફલાઈન મારા જેટલી લાંબી નહોતી. પાંચ વરસ પહેલાં ડેન્ગ્યુ થયો અને પાંચ દીવસમાં જ એ લાંબી સફરે નીકળી ગઈ. મારા પતીની ખુબ લાડકી એટલે એમને એનો આઘાત લાગ્યો અને બે જ મહીનાના અંતરમાં એ પણ દીકરીને મળવા નીકળી પડ્યા!'

ડોશીમાનો કંઠ રુંધાયો. એ થોડું રોકાયાં. પીન્ટુએ પાણી ધર્યું અને એમણે બે ઘુંટ ભરી ફરી વાત શરુ કરી :

'દીકરો મારો બહુ સારો. એણે મારે માટે ચોવીસ કલાક સેવા માટે બહેનની વ્યવસ્થા કરી દીધી. મારું પેન્શન પુરતું હતું; છતાં વીદેશથી પૈસા મોકલતો રહ્યો. મને મારો બંગલો અચાનક જ બહુ મોટો લાગવા માંડ્યો. ઘુંટણમાં દુખાવો થવા લાગ્યો. મેં બહુ કાળજી લીધી નહીં અને પરીણામ સ્વરુપ મારે વ્હીલચેર પર બેસવાનો વારો આવ્યો. મારી આવી અવસ્થાને કારણે કોઈ બાઈ ટકતી નહોતી. દીકરી ગઈ એટલે જમાઈએ પણ છેડો ફાડ્યો! દીકરો અહીં આવે એવી શક્યતા નહોતી ને મારે ત્યાં જવું નહોતું.

'છેવટે દીકરાએ જ વૃદ્ધાશ્રમનો રસ્તો બતાવ્યો અને મેં પણ ખુશીથી સ્વીકાર્યો. અહીં આવ્યા બાદ આજુબાજુ ઘણા લોકો હતા; છતાં મને મારી અંદરની એકલતા કોરી ખાતી હતી. એટલામાં તો આ પીન્ટુની એન્ટ્રી થઈ. પીન્ટુ અને એના મીત્રો, 'મીશન હોપ' પ્રોજેક્ટ દ્વારા અનાથ, નીરાધાર અને વૃદ્ધોને પોતાના મીત્રો–સગાં બનાવી એમને

પ્રેમ કરે, વાતો કરે, કાળજી લે એટલું તો ઠીક; પણ વૃદ્ધોના મૃત્યુ બાદ દીકરા બની એમના અંતીસંસ્કાર પણ કરે.

'હે ભગવાન! આવા પણ લોકો હોય છે સમાજમાં? પછી તો મને આ યુવાનો ગમવા લાગ્યા. અને એમાંય કાયમ હસતો રહેતો, એનર્જીથી ભરપુર એવો પીન્ટુ જરા વધારે જ ગમવા લાગ્યો. એને તો દુ:ખ એટલે શું એની જ જાણે ખબર નથી! કોઈના પણ અતીમ સંસ્કાર સમયે એનો ચહેરો ગંભીર હોય; પણ એની આંખમાં દુ:ખ ડોકાય નહીં.

'પહેલી વાર જ્યારે મળ્યો ત્યારે મીઠાઈનો ટુકડો મારા હાથમાં મુક્યો. મેં કહ્યું કે મને ડાયાબીટીઝ છે તો કહે, 'હવે તમારે કેટલાં વરસ જીવવું છે? બહુ થયું હવે, તબીયત અને જીન્દગીની કાળજી લેવાનું. 'મરણ જલદી આવવા દે' એવું બોલો છો અને પાછાં તબીયતની કાળજી લો છો? થોડું ગળ્યું ખાવ તો એટલાં વર્ષ ઓછાં થશે. મન મારીને જીવશો નહીં. તમારા મર્યા પછી હું જ તમને સ્મશાને પહોંચાડવાનો છું.... હું તેની વાતો યાદ કરી આખો દીવસ હસતી રહી.

'બસ, એ દીવસથી મારી જીન્દગી બદલાઈ ગઈ, હવે માત્ર ખુશ રહેવું. પોતાની જાત પર જ હસવું, એટલું જ મને આવડે છે.'

એમની આટલી વાતો સાંભળી એ બન્ને હસી પડ્યાં. દીપે એમની વાતમાં ટાપસી પુરાવતાં કહ્યું, 'હા, પીન્ટુ આવો જ છે. મેં પણ ક્યારેય એને ગંભીર જોયો જ નથી.' વાતને તરત જ પકડતાં ડોશીમા બોલ્યાં, 'અરે હા! પીન્ટુ, આજે તો 'ફ્રેન્ડશીપ ડે' છે, તો આ નીમીત્તે તારી આ ગર્લફ્રેન્ડને એક 'ગીફ્ટ' આપીશ?'

પીન્ટુ તરત જ હસતાં હસતાં બોલ્યો, 'બોલો ડોશીમા, હવે આ ઉમ્મરે શી ઈચ્છા બાકી રહી છે? શું જોઈએ છે તમારે? બોલો, તમારા 'અંતીમ સંસ્કાર' હું જ કરવાનો છું. હવે શું 'શ્રાદ્ધ' પણ કરું?'

'ના, શ્રાદ્ધ ના કરીશ. પણ મારે માટે થોડું રડીશ? આપણે મરી જઈએ અને આપણી પાછળ સાલું કોઈ રડનારું જ ન હોય એ કલ્પના જ કેટલી વીચીત્ર લાગે છે! હું તને મીત્ર માનું છું; પણ તોય તું નહીં જ રડે તેની મને ખાતરી છે. એટલે નાઈલાજ થઈ આજે તારી પાસે 'થોડાં અશ્રુ' માગું છું. આપીશ ને? બોલ.'

આ અનપેક્ષીત માગણી થતાં જ પીન્ટુ હચમચી ગયો. એક ક્ષણ માટે એનો ચહેરો દુ:ખથી ગમગીન થયો. દીપ પણ હલી ગયો.

'સાલું, આ ડોશીમા તો કંઈ પણ માગી બેસે છે' કહેતાં પીન્ટુએ પ્રોમીસ આપતાં એમનો હાથ દબાવ્યો અને થોડો વખત સ્તબ્ધ થઈ એમની આંખોમાં જોઈ રહ્યો. અને પછી પોતાની છલકાયેલી આંખો લુછતો એક 'પરાજીત થયેલા યોદ્ધા'ની માફક એ રુમની બહાર નીકળી ગયો.

'થેન્ક્યુ દોસ્ત!' ડોશીમાના શબ્દો એના કાનમાં ગુંજી રહ્યાં.

## સંજય થોરાત–

ઓક્ટોબર–નવેમ્બર, 2019ના 'અખંડ આનન્દ'ના અંકનાં પાન 86-87-88 ઉપરથી, લેખકની અનુમતી અને 'અખંડ આનન્દ' માસીકના સૌજન્યથી સાભાર..

'અખંડ આનન્દ'ના જુના અંકો મોકલવા બદલ કામરેજના 'ડૉ. બળદેવ ભક્ત'નો ખુબ આભાર.. ..ઉત્તમ.મધુ ગજ્જર..

♦●♦

લેખક સમ્પર્ક : સંજય થોરાત ,

Plot No. 635/2, Sector-8B, Gandhinagar - 382 007

MobilePhone : 9426880400 eMail : sanjaythorat108@gmail.com

Facebook : https://www.facebook.com/sanjay.thorat.1217

અમદાવાદથી પ્રગટતા ‘ટાઈમ્સ ઓફ ઈન્ડીયા’ ગ્રુપના ગુજરાતી દૈનીક નવગુજરાત’ સમય‘ની રવીવારીય પુર્તીમાં, ભાઈ સંજય થોરાત’ ,Hello ફ્રેન્ડઝ‘ નામની કૉલમ નીયમીત લખે છે ..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: પંદરમું – અંક: 447-March 01, 2020

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

♦●♦

**Download Earlier SeMs clicking the link below:**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,77,07,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,57,40,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,14,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,29,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@